**રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામનાર મૃતકોના કુટુંબીજનો/વારસદારોને સહાય આપવા બાબત**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
**ઠરાવ ક્રમાંક: જનમ/૧૦૨૦૨૧/૧૦૦૯/બ-૧**
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૦/૧૧/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૯/૧૦/૨૦૨૧ નો સમાંનાકી ઠરાવ.

(૨) મહેસૂલ વિભાગનો તા. ૨૦/૧૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩.

**ઠરાવ:**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વંચાણે લીધેલ તા.૨૯/૧૦/૨૦૨૧ના ઠરાવથી કોવિડ-૧૯ મૃત્યુ વિષયક ખાતરી સમિતિ [COVID-19 Death Ascertaining Committee(CDAC)]ની રચના કરવામાં આવેલ છે. આ બાબતે કેટલીક સ્પષ્ટતાઓ કરવાની આવશ્યકતા જણાતા નીચે મુજબની સૂચનાઓ/સ્પષ્ટતાઓ આથી બહાર પાડવામાં આવે છે:

**(૧) નીચે મુજબના કિસ્સાઓમાં કોવિડ-૧૯ મૃત્યુ વિષયક સહાય મેળવવા માટે અરજદારોએ સીધી અરજી ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી/જિલ્લા વહીવટી તંત્રને કરવાની રહે છે:**

(૧.૧) ફોર્મ-૪(સંસ્થાકીય મૃત્યુ પ્રમાણપત્ર)/ફોર્મ-૪એ(બિન સંસ્થાકીય મૃત્યુ પ્રમાણપત્ર)માં મૃત્યુનું કારણ કોવિડ-૧૯ દર્શાવેલ હોય, તેવા કિસ્સાઓને કોવિડ-૧૯ થી મૃત્યુ થયાનું ગણવાનું રહે છે.

(૧.૨) COVID-19ના એવા કેસો કે જેનું નિદાન પોઝીટીવ RT-PCR/મોલેક્યુલર ટેસ્ટ/રેપીડ એન્ટીજન ટેસ્ટ (RAT) દ્વારા કરવામાં આવે અથવા હોસ્પિટલમાં/ઇન પેશન્ટ ફેસિલિટીમાં દાખલ કરવામાં આવે ત્યારે સારવાર કરનાર ચિકિત્સક દ્વારા તબીબી રીતે હોસ્પિટલ/ઇન પેશન્ટ ફેસિલિટીમાં સારવાર દ્વારા કોવિડ-૧૯ નું નિદાન કરવામાં આવે છે, તેવા કિસ્સાઓને કોવિડ-૧૯ પોઝીટીવ કેસ ગણવાના રહે છે. આવા કિસ્સામાં, પોઝીટીવ RT-PCR/મોલેક્યુલર ટેસ્ટ/રેપીડ એન્ટીજન ટેસ્ટ (RAT) નો રીપોર્ટ તથા સબ રજીસ્ટ્રાર દ્વારા આપવામાં આવેલ મરણના દાખલાને સાથે રાખીને ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી /જિલ્લા વહીવટી તંત્રને સહાય માટે અરજી કરવાની રહેશે.

i. કોવિડ-૧૯ પરીક્ષણની તારીખથી અથવા ક્લિનિકલી COVID-19 પોઝીટીવ કેસ તરીકે નક્કી થયાની તારીખથી 30 દિવસના સમયગાળામાં હોસ્પિટલની અંદર કે બહારના દર્દીના મૃત્યુને 'COVID-19 ને કારણે મૃત્યુ' તરીકે ગણવામાં આવશે.

ii. COVID-19 દર્દી, હોસ્પિટલ/ઇન-પેશન્ટ ફેસિલિટીમાં સારવાર લેતા હોય તે દરમિયાન, અને 30 દિવસ પછી પણ આ જ સારવાર ચાલુ રહે અને ત્યારબાદ મૃત્યુ પામે, તેને COVID-19 મૃત્યુ તરીકે ગણવામાં આવશે.

(૧.૩) ઉપર્યુક્ત મુદ્દા નં.૧.૨(i), (ii) માં દર્શાવેલ બાબતોને કોવિડ-૧૯થી મૃત્યુ થયાનુ ગણવાનું રહે છે.

(૧.૪) કોવિડ-૧૯ પોઝીટીવ દર્દી પોઝીટીવ સાબિત થયાના ૩૦ દિવસની અંદર આત્મહત્યા કરે તો આવા કિસ્સામાં સહાય મેળવવા પાત્ર રહે છે. ઝેર, હત્યા, અકસ્માત મૃત્યુ વગેરેને કારણે થતા મૃત્યુને COVID-19 મૃત્યુ તરીકે ગણવામાં આવશે નહીં, પછી ભલેને COVID-19 સહ-ઘટનાની સ્થિતિ હોય.

(૧.૫) મૃત્યુનુ કારણ કોવિડ-૧૯ દર્શાવવામાં આવેલ ન હોય પરંતુ ઉપર્યુક્ત જોગવાઈ પરિપૂર્ણ કરતા તમામ કિસ્સાઓને કોવિડ-૧૯ થી મૃત્યુ તરીકે ગણતરીમાં લેવાના રહેશે.

ઉપર્યુક્ત કિસ્સાઓમાં મૃતકના કુટુંબીજનો/વારસદારોએ કોવિડ-૧૯ મૃત્યુ વિષયક ખાતરી સમિતિ [COVID-19 Death Ascertaining Committee(CDAC)] પાસે કોવિડ-૧૯ મૃત્યુ અંગેનો સત્તાવાર દસ્તાવેજ (Official Document for COVID-19 Death) મેળવવા અરજી કરવાની રહેતી નથી. આવા કિસ્સાઓમાં મૃતકના કુટુંબીજનો/વારસદારો નાણાકીય સહાય મેળવવા માટે સીધે સીધી જરૂરી કાર્યવાહી કરી શકશે.

**(૨)** ઉક્ત મુદ્દા નં. **"(૧)"** સિવાયના કિસ્સાઓમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામનાર મૃતકોના કુટુંબીજનો/વારસદારોને સહાય મેળવવા માટે મૃતક દર્દીના કુટુંબીજનો/વારસદારોએ આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૯/૧૦/૨૦૨૧ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ સમિતી સમક્ષ રજૂઆત કરવાની રહેશે.

(૩) સરકારી/ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલ કોવિડ-૧૯ દર્દીના કુટુંબીજનો/વારસદારો દ્વારા સારવાર અંગેના દસ્તાવેજોની માંગણી કરવામાં આવેથી સારવાર કરનાર હોસ્પિટલે તમામ દસ્તાવેજો અગ્રતાના ધોરણે પૂરા પાડવાના રહેશે. મૃત્યુ વિષયક ખાતરી સમિતિ (CDAC) જરૂરિયાત પડ્યે ખાનગી તેમજ સરકારી હોસ્પિટલો પાસેથી જરૂરી માહિતી/દસ્તાવેજો મંગાવી શકશે. હોસ્પિટલોએ માંગણી મુજબના દસ્તાવેજો સમિતીને તાત્કાલિક પૂરા પાડવાના રહેશે.

(૪) કોવિડ-૧૯ મૃતકના કુટુંબીજનને મૃત્યુ સહાય ન મળવાના કિસ્સામાં કે અન્ય મુશ્કેલીના કિસ્સામાં આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૯/૧૦/૨૦૨૧ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ સમિતી સમક્ષ રજૂઆત કરી શકશે. આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૯/૧૦/૨૦૨૧ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ સમિતી ફરિયાદ નિવારણ સમિતી (Grievance Redrssal Committee) તરીકે પણ કાર્ય કરશે.

(૫) કોરોના મૃતકના વારસદારોને તાત્કાલિક સહાય મળે તે માટે આ કામગીરી સાથે સંકળાયેલા તમામ સરકારી વિભાગ/કચેરીઓએ આ કામગીરીને ટોચ અગ્રતા આપવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગ, મહેસૂલ વિભાગ અને સરકારશ્રીની તા.૨૦/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ પટેલ)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**પ્રતિ,**

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી-વ-સચિવશ્રી(આ. અને પ.ક.વિ.), કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, બ્લોક નં. ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, મહાનગરપાલિકાઓ (તમામ)
- કમિશનરશ્રી, નગરપાલિકાઓ (તમામ)
- ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડાયરેકટરશ્રી, જી.આઇ.ડી.સી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી, અરણ્ય ભવન, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી(ત.સે.)/નાયબ સચિવશ્રી(ત.શિ.), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી-ત, થ અને વ શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાયબ મુખ્ય રજીસ્ટ્રાર(જન્મ-મરણ) અને અધિક નિયામકશ્રી(આંકડા), કમિશનરશ્રી આરોગ્યની કચેરી, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારુ.
- અધિક નિયામકશ્રી,.....તમામ, કમિશનરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, બ્લોક નં. ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ.. આપના તાબા હેઠળના સંબંધિતોને આપની કક્ષાએથી યોગ્ય સૂચના આપવા સારુ.
- જિલ્લા કલેક્ટરશ્રી.....(તમામ).
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી.....(તમામ).
- વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ-ગાંધીનગર, અમદાવાદ ,વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ.
- જિલ્લા રજીસ્ટ્રાર(જ.મ.) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી(તમામ)... આપના જીલ્લાના તમામ રજીસ્ટ્રારશ્રીઓ(જન્મ-મરણ) ના ધ્યાને લાવી યોગ્ય કાર્યવાહી હાથ ધરાવવા સારુ.
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી(CDMO) (તમામ).
- સીસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ .. વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારુ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧.